સમ્યક્ત્વ જયંતિ વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

MARCH - 2026

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.



## પૂજ્ય બહેનશ્રીના ૯૪માં (૧૩-૩-૨૬) સમ્યક્ત્વ જયંતી દિને કોટિ કોટિ વંદન

સમ્યક્દષ્ટિ એટલે એમનું સ્વરૂપ શું?! પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વદિન આવે છે.. ત્યાં (સમ્યક્જયંતી) એ ગુણનું બહુમાન છે, વ્યક્તિનું બહુમાન નથી. ખરેખર એની પાછળ ગુણનું બહુમાન છે. જે એક ક્ષણ અનંતભવનો ક્ષય કરે છે, અનંતભવને છેદ મારે છે... કુહાડાથી ઘા મારેને એ મૂળમાંથી કાપે, એવો એ ભવના તરુ ઉપર કુઠારઘાત છે. એક ક્ષણનો અનુભવ એ બહુ મહાન ચીજ છે એ બતાવવા માટે એની મહાનતા અહીંયાં વ્યક્ત કરે છે, કે ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત ઊભી કરી છે. કેટલો રસ લઈને એ આત્માનુભવ થયો હશે એ ત્યાં પહોંચ્યા વિના સમજાય એવું નથી. કેટલો રસ લઈને એનો અવતાર થયો છે, ત્યાં ભગવાનઆત્માનો જન્મ થયો છે. ખરેખર તો જ્ઞાનીઓની જન્મજયંતી આ છે!! જે બાકીની દેહની જે જન્મજયંતી, દેહનો જન્મ થયો એ તો એક શરીરના સબંધવાળી વાત છે કે જે સબંધ જ્ઞાનીઓ છોડવાના છે. એની એટલી કિંમત નથી. ખરેખર તો જ્ઞાની તરીકેનો જન્મ આ દિવસે થયો, આ એથી મોટી જન્મજયંતી છે. ખરેખર બે જન્મ લઈએ - એક આત્માનો જન્મ-આત્મા અવિનાશી છે પણ અહીંયાં આત્મા આત્માપણે અનુભવમાં આવ્યો એ ખરેખર આત્મા થયો, પરમાત્મા થયો ત્યાં એ!! એ ખરેખર સાચી જન્મજયંતી છે. પેલી ઊજવાય કે ન ઊજવાય પણ આ (સમ્યક્જયંતી) તો ઊજવાવી જ જોઈએ. એમ છે. પેલા કરતાં આનું મહત્ત્વ વધારે છે. પણ બાહ્યદૃષ્ટિવાળાને બાહ્ય પ્રસંગનો મહિમા આવે છે એટલે પેલી જન્મજયંતીને પકડે છે. પણ એવા જન્મદિવસ તો બધા પ્રાણીઓના આવે છે. શરીર એ દેહનો જન્મ થવો એ તો સર્વ પ્રાણીઓને સાધારણ છે, પણ આત્માનો સમ્યક્ત્વ જન્મ થવો એ કરોડો-અબજોમાં કોકને છે. અસાધારણ છે એ, એ કેટલો અસાધારણ છે કે કરોડો-અબજોમાં... અબજો મનુષ્યો છે, અત્યારે ૪ અબજ જેટલી વસતી છે વિશ્વની. કોક છે એની અંદર. એની અસાધારણતા છે. એ તો સંખ્યાએ અસાધારણ થયો. પણ અહીંયાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની લબ્ધિ આવી એ પણ એક અસાધારણતા છે.

(પૂજ્ય બહેનશ્રીની સમ્યક્જયંતી પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્‌ગાર શ્રી 'પરમાગમસાર' પ્રવચન નં-૭૮માંથી)

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને તેમની સમ્યક્ત્વ જયંતી ફાગણ વદ ૧૩ (૧૭-૩-૨૬) ના પાવન દિને કોટિ-કોટિ વંદન



# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૩૯, વર્ષ–૨૮, માર્ચ–૨૦૨૬

## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**

પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન. પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન. એ અભિમાન જ મિથ્યાત્વ છે. અને તે સાત વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે. ૩૧૨.


*

આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. તેના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ – મરણ ટળે એવી એ ચીજ છે. ૩૧૩.

*

એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે, આ જ સ્વભાવ છે એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. ૩૧૪.

*



સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે. છતાં પણ એની ભ્રમજાળ બની રહે છે એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો પાયો ઊંડો નાખ્યો જ નથી. ૩૧૫.

*

વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી! ૩૧૬.

*

મૂળ ચીજ ધ્રુવવસ્તુ એવી ઝીણી છે કે એ

ઝીણી ચીજ તેના હાથમાં આવે એટલે બસ! તેને અમૃતના વરસાદ વરસ્યા. ૩૧૭.

*

સ્મશાનમાં ફૂલેલા મડદા પડ્યા હોય તેમાં કાળા કાગડાને મજા લાગે છે. તેમ આ રૂષ્ટપુષ્ટ દેખાતા શરીરો ફૂલેલા મડદા છે તેમાં સુખ માને છે તે બધા કાળા કાગડા સમાન છે. ૩૧૮.

*

હે નાથ! ચક્રવર્તીની આજ્ઞા ફરે. પણ આપની આજ્ઞા ન ફરે. સર્વજ્ઞની આજ્ઞા બહાર કોઈ દ્રવ્ય પરિણમવા સમર્થ નથી. ૩૧૯.

*

શરીરની ક્રિયાથી ને રાગની ક્રિયાથી આત્માને ઓળખાવવો તે આત્માનું અપમાન છે. ૩૨૦.

*

કર્મથી વિકાર થાય એમ જેણે માન્યું. અરેરે! તેણે આત્માનું ખૂન કરી નાખ્યું છે. ૩૨૧.

*

જેના જ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારા ભગવાન બેઠા તેને ભવ હોય જ નહિ, કેમ કે તેનું જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવમાં જ ઢળે છે. ૩૨૨.

*

લાકડાના, લોઢાના, અગ્નિના, જળના, વિજળીના સ્વભાવનો જીવ ભરોસો કરે છે. દવાની ગોળીનો ભરોસો કરે છે, જેનાથી પરમાં કાંઈ થતું નથી છતાં તેનો ભરોસો જીવ કરે છે, તો જેનામાં આશ્ચર્યકારી એક જ્ઞાનશક્તિ છે, એવી એવી અનંતી શક્તિઓમાં વ્યાપક ભગવાન આત્મા અચિંત્ય શક્તિ સામર્થ્યવાન છે એનો ભરોસો કરે તો ભવભ્રમણ છૂટી જાય. ૩૨૩.

*

અમે સર્વજ્ઞ છીએ અને તારા પેટમાં પણ સર્વજ્ઞપદ પડ્યું છે. સ્વભાવમાં પડેલા સર્વજ્ઞ પદનો આદર થયો તેમાં અનંતા સર્વજ્ઞનો આદર આવી ગયો – એમ સર્વજ્ઞ કહે છે. ૩૨૪.

*

ભગવાન જેના હૃદયમાં બિરાજે છે તેનું ચૈતન્ય શરીર રાગ દ્વેષરૂપ કાટ વગરનું થઈ જાય છે. ૩૨૫.

*

મવાળો (વાળ) ચોરવાની તો શું વાત! પણ આ તો પરમાણુને ચોરવાની વાત છે. પરમાણુ શું પણ તેની અનંતી પર્યાયને ચોરવાની વાત છે. એક પર્યાયને બીજી પર્યાયની સહાય નથી. આત્માના અનંતા ગુણની પર્યાયમાં એક પર્યાયને બીજી પર્યાય સહાયક નથી. પર્યાય પર્યાયની યોગ્યતાથી, ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. અહો! આ તો જૈનદર્શનના પેટની સ્વતંત્રતાની મૂળ વાત છે. ૩૨૬.

*

જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી. જેમ વ્યવહાર સમ્યગ્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની લાયકાતવાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ–આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે. ૩૨૭.

*

પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ. – એમ નક્કી કરવા જાય

ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલા મોડાનો પ્રશ્ન જ ક્યાં છે. ૩૨૮.

*

હે પ્રભુ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા! તો હે પ્રભુ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે. ૩૨૯.

*

આ આત્મા એ જ જિનવર છે, એ જ તીર્થંકર છે. અનાદિકાળથી જિનવર છે. આહાહા! અનંતા કેવળજ્ઞાનની વેલડી છે. પોતાનો આત્મા જ અમૃતનો કુંભ છે, અમૃતની વેલડી છે. એના પર એકાગ્ર થવાથી પર્યાયમાં જિનવરના દર્શન થાય છે. પરમાત્મા પ્રગટ થાય છે તેને સમ્યગ્દર્શન કહે છે. ૩૩૦.

*

ભગવાન સર્વજ્ઞદેવ એમ કહે છે કે આત્મામાં શરીર-સંસાર કે રાગાદિ છે જ નહિ - એમ પહેલામાં પહેલો નિર્ણય કરીને આત્માનો અનુભવ કરી લે! એને બદલે જે એમ માને છે કે પહેલા શુભ ક્રિયા કરી કષાયમંદ કરી આત્મા હળવો થાય પછી આત્માનો અનુભવ થાય. તે જીવ દેવ-શાસ્ત્ર-ગુરુ જે કહે છે તેનો અનાદર કરે છે. ૩૩૧.

*

નિર્મળ પર્યાય ને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાનને અનુભવ થવા છતાં દ્રષ્ટિનું આસન તો અવ્યક્ત ઉપર છે. વ્યક્તપણા પ્રત્યે ઉદાસીનપણે છે. ૩૩૨.

*


ભગવાન તું તો ગુણનો ગોદામ છે. પુણ્ય-પાપના ભાવનો તું ગોદામ નથી. ભગવાન આત્મા જ્ઞાયકભાવરૂપ છે ને શુભાશુભ અચેતન છે. જ્ઞાયકભાવ શુભાશુભપણે થાય તો ચેતન છે તે અચેતન થઈ જાય. જાણક જાણક ભાવ તે અજાણક એવા શુભાશુભ ભાવે થાય તો તે અચેતન થઈ જાય. માટે જ્ઞાયક તે તો જ્ઞાયક જ રહ્યો છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. ૩૩૩.

*

સ્વપરપ્રકાશનો પુંજ પ્રભુ તો શુદ્ધ જ છે પણ તેને રાગથી ભિન્ન પડીને ઉપાસવામાં આવે તેને તે શુદ્ધ છે. સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન પડીને સ્વમાં એકાગ્રતા કરતાં શુદ્ધતા પ્રગટે છે તેને તે શુદ્ધ છે. રાગના વિકલ્પપણે થયો નથી માટે રાગાદિથી ભિન્ન પડીને જ્ઞાયકને સેવવામાં આવતાં પર્યાયમાં શુદ્ધતાનો નમૂનો આવ્યો તેને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવે છે. વિકલ્પવાળાને તે શુદ્ધ છે એમ પ્રતીતિમાં આવતો નથી. ૩૩૪.

*

જેની જ્ઞાનધારામાં જ્ઞાયકનું જ્ઞાન થયું છે તેને રાગાદિ પરજ્ઞેયનું જ્ઞાન થાય છે તે જ્ઞેયના લઈને થાય એવી પરાધીનતા જ્ઞાનને નથી. શુભાશુભથી ભિન્ન પડીને ચૈતન્યની દૃષ્ટિ થઈ છે તેને જ્ઞાનની પર્યાયમાં સ્વ અને પરનું જ્ઞાન થયું ત્યાં પરજ્ઞેય છે માટે પર સંબંધી જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનના સ્વપર પ્રકાશકપણાને લઈને જ્ઞાન થયું છે. તેથી રાગને - જ્ઞેયને જાણતાં જ્ઞેયકૃત જ્ઞાન છે એમ નથી પણ જ્ઞાનકૃત જ્ઞાન છે. ૩૩૫.



## – પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રાજહ્રદય !!

પત્રાંક - ૩૯૬

મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮

ૐ

અન-અવકાશ એવું આત્મસ્વરૂપ વર્તે છે; જેમાં પ્રારબ્ધોદય સિવાય બીજો કોઈ અવકાશ-જોગ નથી.

તે ઉદયમાં ક્વચિત્ પરમાર્થભાષા કહેવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા લખવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા સમજાવવારૂપ જોગ આવે છે. વિશેષપણે વૈશ્યદશારૂપ જોગ હાલ તો ઉદયમાં વર્તે છે; અને જે કંઈ ઉદયમાં નથી આવતું તે કરી શકવાનું હાલ તો અસમર્થપણું છે.

ઉદયાધીન માત્ર જીવિતવ્ય કરવાથી, થવાથી, વિષયમણું મટ્યું છે. તમ પ્રત્યે, પોતા પ્રત્યે, અન્ય પ્રત્યે કોઈ જાતનો વિભાવિક ભાવ પ્રાયે ઉદય પ્રાપ્ત થતો નથી; અને એ જ કારણથી પત્રાદિ કાર્ય કરવારૂપ પરમાર્થભાષા જોગે અવકાશ પ્રાપ્ત નથી એમ લખ્યું છે, તે તેમ જ છે.

પૂર્વોપાર્જિત એવો જે સ્વાભાવિક ઉદય તે પ્રમાણે દેહસ્થિતિ છે; આત્માપણે તેનો અવકાશ અત્યંતાભાવરૂપ છે.

તે પુરુષના સ્વરૂપને જાણીને તેની ભક્તિના સત્સંગનું મોટું ફળ છે, જે ચિત્રપટના માત્ર જોગે, ધ્યાને નથી.


જે તે પુરુષના સ્વરૂપને જાણે છે, તેને સ્વાભાવિક અત્યંત શુદ્ધ એવું આત્મસ્વરૂપ પ્રગટે છે. એ પ્રગટ થવાનું કારણ તે પુરુષ જાણી સર્વ પ્રકારની સંસારકામના પરિત્યાગી - અસંસાર - પરિત્યાગરૂપ કરી - શુદ્ધ ભક્તિએ તે પુરુષસ્વરૂપે વિચારવા યોગ્ય છે. ચિત્રપટની પ્રતિમાનાં હ્રદયદર્શનથી ઉપર કહ્યું તે 'આત્મસ્વરૂપનું પ્રગટપણું' મહાન ફળ છે, એ વાક્ય નિર્વિસંવાદી જાણી લખ્યું છે.

'મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંત,' એ પદના વિસ્તારવાળા અર્થને આત્મપરિણામરૂપ કરી, તે પ્રેમભક્તિ સત્પુરુષને વિષે અત્યંતપણે કરવી યોગ્ય છે, એમ સર્વ તીર્થંકરોએ કહ્યું છે, વર્તમાને કહે છે અને ભવિષ્યે પણ એમ જ કહેવાના છે.

તે પુરુષથી પ્રાપ્ત થયેલી એવી તેની આત્મપદ્ધતિસૂચક ભાષા તેમાં અક્ષેપક થયું છે વિચારજ્ઞાન જેનું એવો પુરુષ, તે આત્મકલ્યાણનો અર્થ તે પુરુષ જાણી, તે શ્રુત (શ્રવણ) ધર્મમાં મન (આત્મા) ધારણ (તે રૂપે પરિણામ) કરે છે. તે પરિણામ કેવું કરવા યોગ્ય છે? તે દ્રષ્ટાંત 'મન મહિલાનું રે, વહાલા ઉપરે, બીજાં કામ કરંત,' આપી સમર્થ કર્યું છે.

ઘટે છે તો એમ કે પુરુષ પ્રત્યે સ્ત્રીનો જે કામ્યપ્રેમ તે સંસારના બીજા ભાવોની અપેક્ષાએ

(અનુસંધાન પાના નં ૧૩ પર.. )



# 'આત્માની રુચિ'

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'

– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

(આત્મા માટેઃ) **રુચિની આવશ્યકતા જોઈએ. દરકાર હોવી જોઈએ.** (વિકલ્પોથી) **થાક લાગવો જોઈએ. તીવ્ર પ્યાસ લાગે તો શોધે જ. ૮૫**

*

**પ્રશ્ન :– રુચિ વધતાં–વધતાં વસ્તુની મહિમા વધતી જાય છે અને સુગમતા પણ વધુ ભાસે છે?**

**ઉત્તર :– રુચિ વધે છે, એવા (પર્યાયના) લક્ષમાં પણ પર્યાયમાં મહત્તા થાય છે, તેમાં** (પર્યાયમાં) **'હું પણું' દેખાય છે, તેથી ત્રિકાળીમાં જામી શકાતું નથી. તે તો વિકલ્પવાળી રુચિ છે. 'હું તો પરિણામ માત્રથી ભિન્ન છું' – એવા ત્રિકાળીનો અનુભવ આવવો તે જ અભેદની રુચિ છે. ૮૭.**

*

**પ્રશ્ન :– રુચિ કેમ થતી નથી ?**

**ઉત્તર :– જરૂરિયાત દેખાય તો અંદરમાં આવ્યા વિના રહે જ નહિ. સાંભળે છે (તેમાં) પ્રસન્નતા આદિ થાય છે પરંતુ સુખની જરૂરત હોય તો અંદરમાં આવે. જરૂરત ન હોય તો ત્યાં** (પ્રસન્નતા આદિમાં) **જ ઠીક માને. લાભ છે, નુકસાન તો નથી ને!** (એવો ભાવ રહી જાય છે.) **૧૧૭.**

*

**યથાર્થ રુચિ હોય તો કાળ લાગે જ નહિ. રાત–દિવસ, ખાતાં–પીતાં–સૂતાં તેની જ પાછળ પડે. ૨૩૯.**

*

**જેટલી ધગશ ઉગ્ર... તેટલું કાર્ય જલદી થાય છે. ૩૧૧.**

*

(સ્વરૂપની) **એવી રુચિ હોવી જોઈએ કે તેના વિના એક ક્ષણ પણ ચેન ન પડે. ૩૩૧.**

*

**ખરેખર તીવ્ર રુચિ હોય તો ત્રિકાળી દળમાં જ જામી જાય; આડી–અવળી (વાત) ગમે જ**

**(અનુસંધાન પાના નં ૧૩ પર.. )**

# આત્માનો પરિચયી થા !!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



આત્માના સ્વભાવને ઓળખવા માટે આત્માના પરિચયી થવું. બસ. કૃપાળુદેવે લખ્યું છે. આત્માને ઓળખવા માટે આત્માના પરિચયી થવું. આત્માનો પરિચય કેવી રીતે કરવો? કે આત્માના જે ભાવો છે એ બધા ભાવો અનુભવગોચર થાય એવા ભાવો છે. કેમકે એની પર્યાયમાં થાય છે. એ અનુભવનો પરિચય કર્યા કરે. એમાંથી સ્વભાવનો પણ પરિચય થશે અને વિભાવનો પણ પરિચય થઈને બંનેની જુદી જુદી જાત ઓળખાશે. એમ અવલોકનમાંથી ભેદજ્ઞાનની ઉત્પત્તિ થશે. અને એ ભેદજ્ઞાન અનુભવનું કારણ થશે.

આત્માનો પરિચય સાધવા માટે આત્મામાં ઉત્પન્ન થતાં અનેક પ્રકારના ભાવો તેના અનુભવનું અવલોકન કરવું જોઈએ. તો બે જાતના ભાવો દરેક આત્મામાં ચાલી રહ્યા છે. એકની સ્વભાવ જાતિ છે અને એકની વિભાવ જાતિ છે. સ્વભાવ એકરૂપ હોવાથી એ પરિણામો એકસરખા છે. વિભાવ અનેકરૂપ હોવાથી એ અનેકવિધ પરિણામ, વિધવિધ પરિણામો છે વિભાવના. પણ જાત એક છે. વિભાવના પ્રકાર અનેક હોવા છતાં જાત એક છે. પરખવામાં જાતિ સાથે સંબંધ છે. જાત ઓળખાય તો સ્વભાવ જાતિથી આત્મા ઓળખાય છે. આત્મા ઓળખાય ત્યારે આત્મામાં કેવા કેવા દિવ્યગુણો છે એની પરખ આવે છે અને એની કિંમત આવે છે, એનો મહિમા આવે છે અને એ મહિમા અનુભવ કરાવે છે. એ રીતે અંતરમાં વારંવાર વિચાર કરે, અંતરમાં શબ્દ વાપર્યો છે. વારંવાર વિચાર કરે.

નહિતર એમ કહે કે અમે તો બહુ વિચાર કરીએ છીએ. આટલા વર્ષથી સોનગઢમાં રહીને વિચાર કરીએ છીએ. એમ કહે. તો કહે એમ નહિ. અંતરમાં વિચાર કરે. એ અંતરમાં શબ્દ છે એ એને પોતાના અંતર અવલોકનનો વિષય છે. પોતાના ભાવોનું અવલોકન કરે. *'તો સ્વભાવને ઓળખે.'* તો સ્વભાવને ઓળખે. *'બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી.'* જુઓ! આ જ્ઞાનીની નજર છે. સંસારના જીવને બહારમાં બધું ભર્યું ભર્યું લાગે છે. સાધારણ માણસ હોય ને તો એ ઘરે આવે ત્યારે એને બધું ભર્યું ભર્યું લાગે. કે ભાઈ આ કુટુંબ, આ પરિવાર, આ રાચરચીલું આપણું આ બધું આ. ઠીક છે ગોઠવાઈ ગયું છે. ઠીક! પછી જરૂર પ્રમાણે સુધારા કરતા જશું પણ બધું આપણું ભર્યું ભર્યું લાગે. જ્ઞાનીની નજરમાં બધું લૂખું લાગે એને. સુખ વગરનું બધું લૂખું જ હોય ને એમ કહે છે.

તેમાં ક્યાંય શાંતિ નથી અને ક્યાંય સંતોષ નથી. લોકો કેવી રીતે કૃત્રિમ આનંદ વાતો કરીને લે છે એ વાતો ઉપરથી સમજાય. અમે ભાઈ ફલાણે ગયા હતા. ત્યાં શું ખાવાનું હતું!

માથેરાનની હૉટલમાં કે કુલુમનાલીની હૉટલમાં, શું ત્યાં કાંઈ મજા હતી! કાંઈ વાતમાં માલ ન હોય. પણ કૃત્રિમ હરખ કરી કરીને કલ્પી કલ્પીને આનંદ માને અને આનંદ લે. એમાં આનંદ હોય નહિ શું કરે? થાય શું? અથવા ફલાણા જગ્યાએ જમણવારમાં ગયા હતા એમાં કાંઈ કઢી બનાવી હતી! એમ કહે. ઠીક! પણ હવે એમાં છે શું? સારું છે કે બહુ ખાધી નહીં નહિતર ઊલટી થાત. શું થાત? વોમીટ થઈ જાય. પણ વખાણ કરે. એને દીપચંદજીએ અનુભવપ્રકાશમાં એમ કહ્યું કે જીવો જૂઠો આનંદ મનાવે છે. કેવો? કેમકે ત્યાં હતો નહિ આનંદ. છે નહિ. તો પહેલેથી કલ્પના કરી હોય. પછી ત્યાં કાંઈ આનંદ હાથમાં તો આવ્યો ન હોય. તો પાછો દેખાડો કરે બીજાને. બહુ એવી ત્યાં મજા આવી અને એવું અમારે ત્યાં જમવાનું, એવું ત્યાં હરવા-ફરવાનું. સારા કપડા પહેરે તો આનંદ આવે કે ન આવે? કહો. ક્યા પરમાણુમાંથી આનંદ આવે છે? કપડાના કયા પરમાણુમાંથી આનંદ આવે છે? અને જો એ પરમાણુમાંથી આનંદ આવતો હોય તો એને ધોકા મારવાના હોય બીજે દિવસે?

મુમુક્ષુ :- ભાઈશ્રી! તમે આ બધી વાત કરીને એટલે ઊલટી નીરસતા આવવા માંડી. તમે એવી રીતે વાત કરો છો તો નીરસતા જ આવે. આ બધું યાદ કરી કરીને ત્યાં તો આનંદ જતો રહે.

પૂજ્ય ભાઈશ્રી :- હતો પણ ક્યાં પહેલાં?

મુમુક્ષુ :- પહેલાં તો એ કલ્પનામાં.. આ તો બિચારો એમાંથી પણ ઊઠી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- જો એ કલ્પનામાં ઉઠી જશોને પછી આ રસ્તો સૂઝશે. જ્યાં સુધી કલ્પનામાં પકડાયેલા છો ત્યાં સુધી આ રસ્તો નહિ મળવાનો. જે પરમાણુમાંથી આનંદ લેવાનો માન્યો હતો. બીજે જ દિવસે એને ડિટર્જન્ટ અને સોડાના પાણીમાં નાખીને ધોકાવી નાખે. હતો એમાં આનંદ? કલ્પના હતી બીજું શું હતું? અત્યારે યુવાન વર્ગમાં ચિત્ર-વિચિત્ર ડ્રેસ બહુ પહેરે. જોતા હશોને બધા? તો જે એ ચિત્ર-વિચિત્ર ડ્રેસ નથી પહેરતા? આપણી ઉંમરના લોકો, આપણે એ ઉંમર વટાવી ગયા. તો આપણને એવું નથી લાગતું કે આ વેશ કાઢે છે? વેશ કાઢતા હોય એવું ન લાગે? એમ જ્ઞાનીઓને કોઈ સારા કપડા પહેરીને આમ જરાક હરખપદુડો થઈને ફરતો હોય ત્યારે એને એમ લાગે કે આ વેશ કાઢીને ફરે છે. અને આ વેશ કાઢીને એમાં આ શું આનંદ માને છે? જેમ ઓલા વેશ કાઢીને આનંદ માને છે તો કેવું વિચિત્ર લાગે! એવું જ્ઞાનીની નજરમાં લાગે.એનું કારણ શું છે? કે જ્ઞાની (સમજે છે કે) જે સાદગીથી રહે છે એમાં એને આકુળતા તો નથી ને? અને ઓલો જે આવું જોઈએ ને તેવું જોઈએ. આવું જોઈએ ને તેવું જોઈએ. આ જોઈએ ને આ પસંદ, આ નથી પસંદ, આ ને આ, આ ઠીક આમ ઠીક ને આમ ઠીક. એમાં એને કેટલી આકુળતા થાય છે એ જ્ઞાની જોવે છે. જ્ઞાનીની નજરમાં એની આકુળતા દેખાય છે. એને ખબર નથી કે મને કેટલી આકુળતા થાય છે. પણ એ આકુળતા જ્ઞાનીને દેખાય છે.

એ ગુરુદેવ બહુ સરસ વાત કરતા હતા. એક કોઈ શેઠિયો માણસ હોય. સારા કપડા

અને ઓલા ચમચમ ચાલે એવા બુટ પહેરીને આમ નીકળતો હોય અને લાંબી મોટરમાં બેસી જાય. બધા જોનારને એમ થાય કે આ માણસ કેવો સુખી છે! કેવી સરસ લક્ઝરિયર્સ ગાડી છે. એય..! અને આમાં બેસીને ઉપડ્યો. પણ જ્ઞાની શું જોવે છે? કે એ મોટરમાં નથી બેઠો. મોટર એની છાતી ઉપર બેઠી છે અત્યારે. આ મારી મોટર છે અને એ મોટરને મેઈન્ટેઈન કરવા માટે એ શું શું કરે છે? કેટલી આકુળતા કરે છે એ જ્ઞાનીને ખબર છે. ભલે એની ઑફિસમાં ન જતા હોય તોપણ. એમને ખબર છે કે આ બધું મેઈન્ટેઈન કરવા માટે શું શું એને કરવું પડે છે. એ ખરેખર મોટરમાં નથી બેઠો, મોટર એની માથે બેઠેલી છે. એટલો ઉપાધિનો બોજો લઈને એ ફરે છે. 'મારી મોટર'માં એટલી ઉપાધી છે. એના કરતા આ દસ રૂપિયા આપ્યા અને રીક્ષામાંથી ઉતર્યા. છૂટા. નહિ પાર્કિંગની માથાકુટ મુંબઈમાં કે નહિ એને કાંઈ પોલીસ એને પૂછે એની માથાકુટ. છૂટા આપણે. દસની નોટ ફેંકી કે છૂટા. જાવ. કાંઈ ઉપાધી ખરી? ઉપાધિમાં દુઃખ છે, નિરૂપાધીમાં સુખ છે એ વાત સમજાવી જોઈએ. તાત્પર્ય તો એટલું છે. કેવી સરસ વાત લીધી છે!

*'બહારનું આ બધું તો લૂખું છે,...'* આ એમની નજર છે. બહારનું બધું લૂખું લાગે છે એમને. *'તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી. પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ...'* અનંત બધાને લાગુ પડે છે. *'અનંત સુખ, અનંત આનંદ અને અપૂર્વતા ભરેલી છે.'* અન્યમતમાં એક પદ આવે છે. 'હરિનો માર્ગ છે શુરાનો, નહિ કાયરનું કામ જોને. માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.' એમ કરીને ઘણી વાતો લખી છે કવિએ. અંદર આત્મામાં પડ્યા એ સુખને માણે છે. અને બીજાને એમ થાય છે કે આને કાંઈ ઉપાધિ નહિ? હું તો સળગું છું અંદર. એમ ચૈતન્ય તત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ, અનંત સુખ, અનંત આનંદ અને અપૂર્વતા ભરેલી છે.

*'-આમ આત્માને સ્વભાવથી ઓળખવો.'* આત્માનો સ્વભાવ સુખસ્વભાવ છે, શાંતસ્વભાવ છે, આનંદ સ્વભાવ છે એને ઓળખવો. એને પરખવો અને એને ઓળખવો. સ્વાધ્યાય સત્સંગ એ ઉદ્દેશથી કરવાનો છે કે હું મારા સ્વરૂપને કેમ ઓળખું? આમાં મને મારા સ્વરૂપને ઓળખવા માટે શું મારે કરવું જોઈએ એ સમજવા હું બેઠો છું. પછી એ સમજણને લાગુ કરવાની છે ઓળખવામાં.

*'દેવ(અને)ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે...'* જિનેશ્વરદેવ છે અને વીતરાગી નિર્ગ્રંથગુરુ છે એ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે. *'કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે.'* સુખથી ભરેલું, આનંદથી ભરેલું, જેની ઉપમાં કોઈની સાથે જગતમાં દઈ ન શકીએ એવું તારામાં ભરેલું છે. *'આ વાતનો પોતે વિચાર કરી...'* સાંભળેલી વાતનો પોતે અંતરમાં વિચાર કરી *'પોતાના સ્વભાવ સાથે મેળવે...'* મીંઢવણી કરે. એકલું સાંભળે એમ નહિ. એકલું વિચાર કરે એમ પણ નહિ ઉપર ઉપરથી. અંદરમાં સ્વભાવ સાથે મેળવે.

*'અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે,...'* સ્વભાવ તો બહુ ઊંડાણનો વિષય છે અને ઊંડાણમાં જાય ત્યારે હાથ લાગે

એવો વિષય છે. પણ જે જે ભાવોની વાત ચાલે છે એમાં વિભાવભાવોની પણ વાત ચાલે છે. અને અનુભવમાં જે ભાવો આવી રહ્યા છે એની વાત ચાલે છે કે જો તને ક્રોધ આવે ત્યારે આમ થાય, તને લોભ આવે ત્યારે આમ થાય, તને માયાચારના આવા પરિણામ થાય. માન ચડે ત્યારે આવા પરિણામ થાય. બધા અનુભવમાં આવતા ભાવો છે ને? ચારિત્રમોહના ભાવો તો એટલા સ્થૂળ છે ક્રોધ, માન, માયા, લોભ કે જીવને સમજમાં આવે એવા છે.

તો જે જે ભાવોની ચર્ચા ચાલે, જે જે ભાવોની વાત ચાલે એને પોતાને અંદરમાં ચાલતા ભાવો સાથે મીંઢવે તો એ ભાવોનું ભાવભાસન થાય, ભાવજ્ઞાન થાય. ભાવભાસન એટલે? ભાસન એટલે જ્ઞાન. ભાસન અને જ્ઞાનમાં ફેર શું છે? કે એકલું જાણવું તે જ્ઞાન કહીએ છીએ આપણે. ભાસન જ્ઞાનમાં ફિલિંગ થઈને જાણવું થાય એને ભાસન કહે છે. તો તારા ભાવ તો તને ફિલ થાય એવા છે. જ્યારે તને ક્રોધ ચડે છે ત્યારે આકુળતા વધી જાય છે એ તારા ક્રોધના ચાલતા ભાવની અંદર તું એ આકુળતાને જોઈ શકે તો જ તને ક્રોધથી શું દુઃખ છે એ તને સમજાશે. નહિતર તો ક્રોધ કર્યા વિના ચાલે નહિ એવો તારો અભિપ્રાય ઊભો છે. અમથો મે ક્રોધ નથી કર્યો. એ જરૂર હતી ક્રોધ કરવાની એમ કહે. અને એણે મને ક્રોધ કરાવ્યો ત્યારે મેં ક્રોધ કર્યો છે. ઠીક!

મુમુક્ષુ :- બચાવ કરે.

પૂજ્ય ભાઈશ્રી :- બચાવ કરે, આરોપ બીજા ઉપર કરે. પણ એનો એ ક્રોધ કરવાનો અભિપ્રાય છે. પણ હું મારા અપરાધથી દુઃખી થાવ છું એ તો પોતે અંતર વિચાર કરે, અંતર અવલોકન કરે તો જ સમજાય. એટલે અહીંયાં એમ કહે છે કે તું સાંભળીને અંતરમાં એની મેળવણી કર. અહીંયાં સ્વભાવની વાત લીધી છે. મેળવે અંદરમાં. એ બધાય ભાવોને મેળવે. જે જે ભાવોની વાત આવે એને મેળવે. એ મેળવતા... મેળવતા... મેળવતા... સ્વભાવ શું છે એની પરખ આવશે. એનું ભાવભાસન આવશે. પછી સાચો મહિમા આવશે. અત્યારે તો જ્ઞાનીના, ગુરુના કહેવાથી એ કહે તેમ કરવું રહ્યું. પછી ઓળખાણ આવશે ત્યારે એનો મહિમા આવશે.

એવો એક દૃષ્ટાંત છે. એક માણસ મરણ પથારીએ હતો. એનો એકનો એક છોકરો હતો. આર્થિક સ્થિતિ બગડી ગયેલી જરા. પહેલાં સારી હશે પછી ખરાબ થઈ ગયેલી. એને એમ થયું કે હવે હું તો જવાની તૈયારીમાં છું એટલે કાંઈ હવે કાંઈ ફરીને કમાઈને આ બધું પરિસ્થિતિ સારી થાય એ તો કાંઈ હવે દેખાતું નથી. છોકરો ઉંમરમાં નાનો છે હજી. એને તકલીફ પડશે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. થોડો વિચિક્ષણ માણસ. એટલે એણે છોકરાને કીધું કે જો જરા આપણી સ્થિતિ અત્યારે નબળી છે. અને હું તો હવે કાંઈ કરી શકું એમ તો છું નહિ. પણ આ બહુ કિંમતી હીરા આપણી પાસે રહી ગયા છે. એ તું હવે ઘરમાં નહિ રાખતો. મારો ફલાણો મિત્ર છે એને ત્યાં તું મૂકી આવ. અને ખરે વખતે તને એ મદદ કરશે. મારો મિત્ર છે ને એ ખરે વખતે એ તને મદદ કરશે. અને અત્યારે પણ તું એની પાસે જ જજે.

એને ત્યાં જ બધું શીખજે. આપણું હીરાનું કામ છે, એનું હીરાનું કામ છે. પણ તારે બધું શીખવાનું બાકી છે. તો ટ્રેનિંગ પણ તું એને ત્યાં જ લેજે. અને એ તને પગાર, બગાર જે કાંઈ હશે એ બધું ચલાવશે તારું. મુશ્કેલીમાં નહિ આવવા દે અને એને ત્યાં તું કામ ચાલુ કરી દે જવા-આવવાનું, શીખવાનું.

ઓલાએ એ રીતે કર્યું અને ઝવેરી થઈ ગયો સારો એવો હીરાનો પરખવાળો. એકવાર એને એમ થયું કે મારા પિતાશ્રીએ બહુ સારા રત્નો, બહુ સારા હીરા પેલાને સાચવવા આપ્યા છે. હવે તો મને પરખ છે. લાવ જોઉં તો ખરો. હવે એ કહે આમાં કાંઈ નહોતું. ઓલાને માનસિક **setback** ન આવે એટલે આને વિચિક્ષણતાથી પ્રયોગ કરેલો. એટલે એણે તો શું કરેલું કે એના હાથે જ મૂકાવી દીધેલા. કે ભાઈ બૅન્કના લૉકરમાં મૂકી આવ. જરૂર પડે ત્યારે આપણે કાઢશું. હમણાં તું કાંઈ એને અડતો બડતો નહિ મને પૂછ્યા વગર. આપણી જોઈન્ટ સાઈન છે. તું નાનો છો. સાથે આપણે ખાનું ખોલવાનું. પણ હમણાં તારે ખોલવાની જરૂર નથી. એની કાંઈ ઉપયોગ કરવાની જરૂર નથી. હું તારું બધું ચલાવી દઈશ ગાડું.

પછી જ્યારે એને મન થયું તો કહે ઠીક છે હવે તો તું તૈયાર થઈ ગયો છો. જોવું હોય તો જોઈએ લે. ચાલ આપણે કાઢીએ. કાઢીને જોયું તો કહે આમાં તો કાંઈ છે નહિ. પરખ આવી ત્યારે એની ખબર પડી કે આની કિંમત શું થાય? જ્યાં સુધી પરખ ન આવે અને એમ ને એમ જો વચ્ચે ઓલાએ કીધું હોત કે તારા બાપાએ આપ્યું એ કાંઈ નથી, ખાલી કાંકરા છે, પથરા છે. તો વિશ્વાસ આવત એને? કે નક્કી તમે કાંઈક કર્યું છે અંદરમાં. મને તો કીધું છે કે આ કિંમતી વસ્તુ છે અને તમે ના પાડો છો? કે આમાં કાંઈ નથી. તો કહે તને તૈયાર કરવાની વાત હતી. હવે તું તૈયાર થઈ ગયો છો. હવે તું જ જોઈ લે ને. પછી એને ખ્યાલ આવી ગયો.

એમ આત્માને પરખ્યા વિના આત્માની કિંમત અને આત્માનો મહિમા આવે નહિ. જ્ઞાનીઓ જેટલું કાંઈ કહે છે એ ઓળખાવા માટે કહે છે. ઓળખવા માટેની પ્રૅક્ટિસ પોતાને કરવાની છે. એટલે પોતે અંતરમાં મેળવે, અને નક્કી કરે ઓળખીને *'કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું (પણ) છે.'* કેમકે અનુભૂતિસ્વરૂપ જ છે.આત્મા તો અનુભૂતિસ્વરૂપ છે. એનો અનુભવ થઈ શકે એમ છે.

*'ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી.'* જુઓ! હવે પોતાને જે અનુભવ થયો છે એ વાત કરે છે. *'ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર (અને) આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને (હજી) નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું.'* એ ગુરુનો વિશ્વાસ છે. પણ મેળવણી ચાલુ રાખવી. એકલું સાંભળી લેવું એમ નહિ. અમે આજે આટલા કલાક સાંભળ્યું એમ નહિ. અત્યારે તો ટેપ મૂકીને સાંભળે ને? એમ નહિ. મેળવણી કેટલી કરી એ જો. *'પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા*

*અને યુક્તિથી...'* યુક્તિથી એટલે મેળવીને. *'અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે.'* એમ ને એમ નક્કી કરે નહિ. વિચારીને નહિ પણ ઓળખીને નક્કી કરે. *'જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય,...'* અગ્નિના તણખામાં બાળવાનો સ્વભાવ છે એની મર્યાદા નથી. ગમે તેટલું બાળી નાખે.

*'વળી જે આનંદને (પોતે) ઈચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય-સ્વયંથી...'* સ્વાધીનપણે થાય. એમ હોવું જોઈએ. એટલે એવો કોન્સેપ્ટ હોવો જોઈએ કે મારે કાયમ આનંદ જોઈએ છે, હંમેશા સુખ જોઈએ છે. તો એમાં શાશ્વત સુખ હોવું જોઈએ. અને એ પરાધીન હોવું જોઈએ નહિ.

*'આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે,...'* મેળવીને નક્કી કરે. *'મહિમા લાવે અને તે બાજુનો પુરુષાર્થ કરે...'* જો મેળવે, મેળવીને યથાર્થ નિર્ણય થાય, તો મહિમા આવે, મહિમા આવે તો એ બાજુનો પુરુષાર્થ ઉપડે. અને *'તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.'* પ્રશ્ન એ પૂછયો છે કે આત્માનો મહિમા કેવી રીતે આવે? તો કહે ઓળખાણ વગર મહિમા નહિ આવે. જ્યારે ઓળખાણ થશે ત્યારે પોતાનું સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ છે એવું પોતાનું સ્વરૂપ ભાસવા લાગશે. અને ત્યારે ખરો મહિમા આવશે. અને આખા જગતનો મહિમા છે એ ઉડી જશે એ વખતે. કે મારા સ્વરૂપ આગળ કોઈનો મહિમા કાંઈ છે જ નહિ. એ રીતે ઓળખીને નક્કી કરવો, સ્વભાવને ઓળખવો અને મહિમા કરવો. એ વાત કરી છે. અહીં સુધી રાખીએ.

**(તા. ૨૭-૧૨-૧૯૯૬, શ્રી 'સ્વાનુભૂતિ દર્શન', પ્રશ્ન-૧૧૯, પ્રવચન નં.-૪૧૨)**

---

(પાના નં ૦૭ થી આગળ... )

**નહિ,** (વ્યવહારના વિકલ્પમાં રોકાય જ નહિ,) **યોગ્યતા ઉપર છોડી દે, ત્યાં જોર** (પુરુષાર્થ) **રહે જ નહિ; દૃષ્ટિના વિષયમાં જ જોર રહે.** (આડો-અવળો વિકલ્પ રહ્યા કરતો હોય તે સ્વરૂપની અરુચિના પરિણામનો દ્યોતક છે. સ્વરૂપની તીવ્ર રુચિમાં અન્ય વિકલ્પ રુચતા નથી.) **૪૧૦.**

*

---

(પાના નં ૬ થી આગળ... )

શિરોમણિ છે, તથાપિ તે પ્રેમથી અનંત ગુણવિશિષ્ટ એવો પ્રેમ, સત્પુરુષ પ્રત્યેથી પ્રાપ્ત થયો જે આત્મારૂપ શ્રુતધર્મ તેને વિષે યોગ્ય છે; પરંતુ તે પ્રેમનું સ્વરૂપ જ્યાં અદ્રષ્ટાંતપણાને પામે છે, ત્યાં બોધનો અવકાશ નથી, એમ જાણી પરિસીમાભૂત એવું તે શ્રુતધર્મને અર્થે ભરતાર પ્રત્યેના સ્ત્રીના કામ્યપ્રેમનું દ્રષ્ટાંત કહ્યું છે. સિદ્ધાંત ત્યાં પરિસીમાને પામતો નથી, આગળ વાણી પછીનાં પરિણામને પામે છે અને આત્મવ્યક્તિએ જણાય છે, એમ છે.

## પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીના ૧૧૫ મી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે સુવર્ણપુરી સોનગઢમાં ધાર્મિક કાર્યક્રમ

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણના પાત્ર એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીની આગામી ૧૧૫ મી જન્મજયંતી તેઓશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા.૨૫-૦૪-૨૦૨૬ થી તા.૨૭-૦૪-૨૦૨૬ સુધી ત્રણ દિવસના ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ સોનગઢ સ્થિત 'ગુરુ-ગૌરવ' હૉલમાં ઊજવવામાં આવશે.

આ પ્રસંગે સવારમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા (આશ્રમમાં), જિનદર્શન તથા પૂજન જિનમંદિરમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનું સી.ડી. પ્રવચન સ્વાધ્યાય મંદિરમાં, ત્યારબાદ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ઉપરના પ્રવચન 'ગુરુ-ગૌરવ' હૉલમાં, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય સોગાનીજીનો ગુણાનુવાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં, સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ત્યારબાદ 'ગુરુ-ગૌરવ' હૉલમાં ભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત ઊજવવામાં આવશે.

તા.૨૭-૦૪-૨૦૨૬, પૂજ્ય સોગાનીજીના જન્મજયંતિ દિને પૂજ્ય ભાઈશ્રીના પ્રવચન બાદ જન્મવધામણા તથા ભક્તિ કરવામાં આવશે.

આ પ્રસંગમાં સર્વ મુમુક્ષુ-ભાઈબહેનોને પધારવા માટે હાર્દિક નિમંત્રણ છે.

આયોજક : શ્રી સત્‌સુખ પ્રભાવક ટ્રસ્ટ, ભાવનગર

### સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિનના (ચૈત્ર સુદ ૫) ઉપલક્ષમાં ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમ

૧) ચૈત્ર સુદ ત્રીજ, તા.૨૧-૩-૨૦૨૬ થી પાંચમ, તા.૨૩-૩-૨૦૨૬

સવારે : ૭.૦૦ થી ૮.૦૦ પૂ.ભાઈશ્રીનું ઑડિયો પ્રવચન
સ્થળ : 'જ્ઞાનમાત્ર' સમાધિ મંદિર, ભાવનગર
૧૦.૦૦ થી ૧૧.૩૦ મંડલ વિધાન પૂજા
સ્થળ : દિગંબર જૈન મંદિર, જુની માણેકવાડી, ભાવનગર

બપોરે : ૪.૩૦ થી ૫.૩૦ પૂ.ભાઈશ્રી ગુણાનુવાદ
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

રાત્રિ : ૮.૦૦ થી ૯.૦૦ પૂ.ભાઈશ્રી વિડીયો પ્રવચન
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

૨) ચૈત્ર સુદ પાંચમ, સમાધિ દિવસે પ્રાતઃકાળે ૪.૦૦ થી ૪.૩૦ વૈરાગ્ય ભક્તિ તથા શ્રદ્ધાંજલી
સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

## પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની નિજાનંદવેદન સંબંધી નોંધ



### આનંદનો દિવસ

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯
સાંજે ૩.૩૦ લગભગ

ફાગણ વદ દશમને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદ સાગર ઊછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્‌ભુત છે.

પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્‌ગુરુદેવને નમસ્કાર.

## ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી સ્વાનુભૂતિ સંબંધી પૂજ્ય બહેનશ્રીની નોંધ

### ફાગણ વદ દશમનો અપૂર્વ દિવસ

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯
(ચૈત્ર માસે લખાયેલું)

સ્વસ્વરૂપનું લક્ષ આવતાં, ફાગણ વદ દશમને સોમવારે બપોરે જ્ઞાતાધારાની વૃદ્ધિ થતાં, તે સ્વરૂપનું ધ્યાન થતાં. તેમાં એકાગ્ર થતાં, તે સ્વરૂપમાં વેગ તીવ્રતાએ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થઈ, ચૈતન્યભગવાન તે સ્વરૂપને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ ને અદ્‌ભુત એવા આત્મદ્રવ્યની મહિમા કોઈ અપાર છે! ચૈતન્યદેવ આનંદ તરંગોમાં ડોલતા હતા.

અહા! અનંતકાળથી છુપાયેલા આત્મભગવાન પ્રગટ થયા; તેનો છુપાયેલો એવો અનુપમ અમૃતસ્વાદ વેદાયો, અનુભવાયો.

હે શ્રી સદ્‌ગુરુદેવ! તે આપનો જ પ્રતાપ છે.

અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવનો જ પ્રતાપ છે.


ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ પ્રકાશનાર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.

*

# શ્રી મહાવીરભગવાન જન્મકલ્યાણક તથા પૂજ્ય ગુરુદેવશ્રી સંપ્રદાય પરિવર્તન દિન (ચૈત્ર સુદ તેરસ-૩૦-૦૩-૨૬)



(મહાવીર ભગવાન) જન્મકલ્યાણક દિન છે. આ દિવસે જ આપણા અનંત ઉપકારી ગુરુદેવશ્રીએ જાહેર પરિવર્તન કર્યું હતું. જ્યારથી સમયસાર હાથમાં આવ્યું ત્યારથી અંતરંગ પરિવર્તન તો થઈ ચુક્યું હતું. અભ્યંતર પરિણામને બાહ્યક્રિયામાં આવતા થોડો સમય લાગે છે.....૧૯૯૧ ચૈત્ર સુદ તેરસ, ગુરુદેવશ્રીએ જાહેર પરિવર્તન કર્યું. દિગંબર આમ્નાયનો સ્વીકાર કર્યો. એ પહેલા લગભગ પ્રયોજનભૂત અધ્યયન તો થઈ ચુક્યું હતું. એટલા માટે એ પહેલા જરૂરી છે કે બીજું કાંઈ જાણતા નહોતા અને એમનેમ સમયસાર વાંચ્યું અને એને એમ સ્વીકારી લીધું એક પક્ષે એમ નહોતું. શ્રી ભગવાન મહાવીરસ્વામીનું શાસન અત્યારે વર્તે છે એ શાસનમાં અત્યારે આપણે વર્તમાનમાં એમનાથી પ્રરૂપિત ઉપદેશની પરંપરાનો લાભ લેતા હોવાથી આપણા ઉપર પણ એમનો ઉપકાર વર્તે છે. ભલે તેઓ પ્રત્યક્ષ નથી, અત્યારે તો સિદ્ધાલયમાં બિરાજમાન છે તોપણ તેમની દેશના આચાર્યોની પરંપરા મારફત જે ચાલી રહી છે (અને) ગુરુદેવ પર્યંત આપણને મળી તેથી ભગવાનનો આપણા ઉપર ઉપકાર છે. અને આ દિવસ એ ઉપકારની સ્મૃતિનો દિવસ છે. તેમણે જે માર્ગ નિરૂપ્યો અને જે આત્મસ્વરૂપને એમણે બતાવ્યું અને એમણે જે શુદ્ધતા પ્રસિદ્ધ કરી એ સર્વ મંગળ છે, મહિમા કરવા યોગ્ય છે. તેથી હૃદયમાં તેમની મહિમાનું અને તેમના ઉપકારનું આજના દિવસે સ્મરણ કરવું જોઈએ. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેર પરિવર્તન આટલું ન કર્યું હોત તો કદાચ આટલા જીવોને આ અલૌકિક વિષય પ્રત્યે ધ્યાન ખેંચાયુ ન હોત, આટલું સાહિત્ય પ્રસિદ્ધ ન હોત, આટલા મંદિરો થયા ન હોત અથવા તો જેમ કુંદકુંદાચાર્ય વિષે ત્યારપછી થનાર મુનિઓએ એમ લખ્યું– એમ કહ્યું એવો શિલાલેખ છે કે જો કુંદકુંદાચાર્યે મહાવિદેહમાં જઈને આ ઉપદેશ આવીને પછી ન કર્યો હોત તો



અમારી – મુનિઓની શું દશા થાત? એ જ પ્રકારે જો ગુરુદેવનો આવો ઉપદેશ જો પ્રસિદ્ધ ન થયો હોત, બીજા જ્ઞાનીઓની જેમ કદાચ એ ગુપ્ત રહી ગયા હોત તો કદાચ આપણી શું સ્થિતિ હોત એ કહેવું મુશ્કેલ છે. અનંત ભવભ્રમણમાં આ જીવ પરિભ્રમણ કરતો આવ્યો છે, એ પરિભ્રમણ કરતા જીવને અનંતકાળમાં સત્પુરુષનો યોગ ક્વચિત્ જ થાય છે. જેમ અનંતકાળમાં મનુષ્યભવ ક્વચિત્ જ મળે છે, એવા ક્વચિત્ મળતાં અનેક મનુષ્યભવોમાં – અનંત મનુષ્યભવોમાં દુર્લભ એવો સત્પુરુષનો યોગ પણ ક્વચિત્ જ થાય છે. એનું બહુ મોટું મૂલ્યાંકન છે. એક વખત કોઈ મરણથી બચાવે, કેન્સરનો રોગ મટાડી દ્યે તો એનો ગુલામ થઈ જાવ એમ કહે. પીડામાં રાડ-બૂમ ને દેકારો કરતો હોય એવી વેદનામાંથી કોઈ બચાવે તો તો એમ કહે કે તું બચાવ તો આખી જિંદગી તારો ગુલામ થઈને રહીશ. શું કહે? કે આ પીડામાંથી જો તું મને બચાવીશ તો આખી જિંદગી તું કહીશ એમ કરીશ. આ તો અનંત જન્મ-મરણથી બચાવનાર છે એનું મૂલ્ય કોઈ શબ્દોમાં, કોઈ **Term**માં, એની કોઈ **Terminology** નથી. કઈ **Term**માં થાય? કઈ શરતમાં થાય? એ કોઈ રીતે થઈ શકે એવું નથી. એવા ગુરુદેવના ઉપકારને પણ આજે સ્મરણ કરવા યોગ્ય છે.

**(શ્રી 'પરમાગમસાર' પ્રવચન નં-૨૯૭ માંથી)**


**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશન સ્થળ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૧૯૪૨/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | અજય ઑફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૧૯૪૨/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી ભાવનગર-૩૬૪૦૦૧. |
| સંપાદકનું નામ | : | શ્રી નીરવ વોરા, (ભારતીય), ૧૯૪૨/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી ભાવનગર-૩૬૪૦૦૧. |
| સ્વામિત્વ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૧૯૪૨/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી ભાવનગર-૩૬૪૦૦૧. |

હું, નીરવ વોરા, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોકત વિવરણ સત્ય છે.

તા. ૩૧-૩-૨૦૨૬ નીરવ વોરા

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.



## આભાર


'સ્વાનુભૂતિપ્રકાશ' (માર્ચ-૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ

**આગમ, શ્લોકા, મોક્ષ, તથા વૈદેહી (મુંબઈ)**


તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને

આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

**પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી સમાધિદિનના ઉપલક્ષમાં... (ચૈત્ર વદ પાંચમ-૦૭-૦૪-૨૬)**



આજે શ્રીમદ્ રાજચંદ્રજીનો સ્વર્ગારોહણ દિન છે. ૧૯૫૭ ચૈત્ર વદ પાંચમ. મનુષ્ય પર્યાયનો ત્યાગ કરીને દેવ પર્યાય ધારણ કરી. દસ વર્ષના સાધક જીવનમાં અનંત ભવભ્રમણ ટાળીને માત્ર એક ભવ પૂરતો સમય જેનો બાકી રહ્યો છે, આવતા ભવમાં મનુષ્ય થઈને ચરમશરીરી અવસ્થામાં નિર્વાણદશાને પ્રાપ્ત થશે. એમનો જે સ્વરૂપ પ્રતિ પુરુષાર્થ છે, જે અંતરંગ જ્ઞાનદશા છે તે ઘણી અદ્ભુત છે. અને બહુ સૂક્ષ્મતાથી એનો સ્વાધ્યાય કરતા તત્ત્વદષ્ટિ પ્રાપ્ત થાય એવો વિષય છે. ભલે એ પર્યાયનો વિષય છે તોપણ જે પર્યાયમાં સ્વભાવ પ્રગટ થાય છે અથવા જે પર્યાય વ્યક્ત સ્વભાવ આકારે પ્રગટ હોય છે, એ પર્યાય પણ સ્વભાવદષ્ટિનું નિમિત્ત થાય છે. બીજાને એ સ્વભાવદષ્ટિનું નિમિત્ત બને છે. એ દષ્ટિથી એમનું અંતરંગ જીવન છે એનું અવલોકન કરવા યોગ્ય છે. એ એમનું તો પર્યાપ્ત કાર્ય કરી ગયા, પણ બીજા અનેક




જીવો માટે જે શબ્દદેહ છોડતા ગયા, અક્ષરદેહ છોડતા ગયા... પેલો દેહ(શરીર) તો પંચમહાભૂતમાં મળી ગયો, (પણ) અક્ષરદેહ મૂકતા ગયા છે. એ અક્ષરદેહ સેંકડો હજારો વર્ષ રહેશે. વર્તમાનમાં જે પ્રિન્ટિંગ સુવિધા છે, છાપકામની સુવિધા છે એ જોતાં હજારો વર્ષ સુધી એની.... કેમકે પુસ્તક તો ન ટકી શકે, એકનું એક પુસ્તક તો ન ટકી શકે. ઉત્તરોઉત્તર એની જે નકલ થતી જાય, એ હિસાબે એ અક્ષરદેહ વિદ્યમાન રહેશે. કંઈક ભવ્ય આત્માઓ, અનેક ભવ્ય આત્માઓ પોતાનું હિત સાધશે. જેની પાત્રતા હશે, જેની ભવિતવ્યતાનો પરિપાક સમીપ હશે – નજીક હશે એવા જીવો કામ કરી જશે. અને એને મૂળમાર્ગ મળવામાં એ નિમિત્તભૂત થશે. એમના પત્રોનો, એમના વચનોનો, એમના વચનામૃતોનો સ્વાધ્યાય કરવો એ પણ એમના પ્રત્યેનું બહુમાન છે, એમના પ્રત્યેની ભક્તિ છે. આત્મહિતાર્થે એ વચનામૃતોને અંગીકાર કરવા એ પરમ ભક્તિ છે એમના પ્રત્યે.

(કૃપાળુદેવના સમાધિદિને નીકળેલા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્ગાર...)

('શ્રીમદ્ રાજચંદ્ર' પ્રવચન નં-૧૪૭ માંથી)

# વિશ્વવિભૂતિનું મહાપ્રયાણ

## પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ સમાધિદિન
## (ચૈત્ર સુદ પાંચમ-૨૩-૦૩-૨૦૨૬)



...કેટલાક જ્ઞાનીઓ તો નિર્વિકલ્પદશામાં દેહત્યાગ કરે છે. શરીરના ફેરફારોથી ખ્યાલ આવી જાય કે, હવે દેહત્યાગની ક્ષણ નજીક છે તો એકદમ પોતાના ધ્રુવ આત્મામાં એનો ઉપયોગ સ્થિર થઈ જાય છે. એટલો પુરુષાર્થ (ઊપડે છે)! ધારા તો ચાલતી હોય છે પણ પુરુષાર્થની એવી ઉગ્રતા આવે કે આ બાજુ દેહત્યાગ થાય તો આ બાજુ ચૈતન્યગોળો ભાવે પણ છૂટો હોય!! પ્રાણ છૂટે એની એને ખબર પણ ન પડે કે, આ દેહ રહ્યો કે ગયો!! એને ખબર ન પડે. નિર્વિકલ્પ ઉપયોગમાં છૂટી જાય - દેહત્યાગ થઈ જાય, સમાધિમરણે દેવલોકમાં જાય, ત્યાં ઊપજે ત્યારે એને સીધો જ ખ્યાલ આવી જાય કે મારી હયાતીમાં કાંઈ ફેર પડ્યો નથી. જ્ઞાનધારા ચાલુ રહે છે એને પણ સમાધિમરણ છે અને એને જ્ઞાનદશામાં દેહત્યાગ થાય છે ત્યારે પણ આત્માના ભાનસહિત હોય છે. શરીરથી સંબંધ છૂટ્યો છે પણ મારો આત્મા અખંડાનંદ (છે)- જ્ઞાનાનંદ અખંડ છે. મારા સ્વરૂપમાંથી કાંઈ છૂટ્યું નથી. હું હયાત છું - મોજૂદ છું, મારી હયાતીનો અનુભવ હું કરું છું. જ્યાં ઊપજે છે ત્યાં એને જાગૃતિમાં સળંગપણે એ ભાવ રહે છે. સમાધિમરણે દેહત્યાગ કરનારને નવું જીવન સમાધિમય છે. ત્યાં પણ સમ્યક્જ્ઞાનની સમાધિ એને ચાલુ છે. જે સમાધિમય જીવન જીવે છે તેનું મૃત્યુ પણ સમાધિમય, જેનું મૃત્યુ સમાધિપણે થયું છે તેનું નવું જીવન પણ સમાધિમય હોય છે. એને કોઈ આધિ-વ્યાધિ-ઉપાધિ નથી એનું નામ સમાધિ છે.

(પ્રવચનાંશ... 'બહેનશ્રીનાં વચનામૃત'-૩૮, 'અધ્યાત્મ સુધા' ભાગ-૨, પાનું -૨૭,૨૮)



**'જ્ઞાનમાત્ર'**
**શ્રી શશીપ્રભુ સમાધિ મંદિર**

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1195**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001